dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 132 | AD - 2026, Maha Vad - ((0 | Tuesday, Dt. 17-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



### રાજસ્થાનાના ખેરથશ-તિજારા ભીવાડીમાં ભયાનક દુર્ઘટના સર્જાઈ, પીએમ મોદીએ શોક વ્યકત કર્યો

# ગેરકાયદે ફટકડા બનાવતી કેમિકલ ફેક્ટરીમાં બ્લાસ્ટ : ૮ મજૂરો ભૂંજાયા

ભીવાડી,તા.૧૬

રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લાના ભીવાડીમાં સોમવારે સવારે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. ખુશખેડા કરૌલી ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાં અચાનક લાગેલી આગને કારણે ૮ શ્રમિકોના કરુણ મોત નીપજ્યા છે. આ ફેક્ટરીમાં કેમિકલની આડમાં ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવાનું કામ ચાલી રહ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.સોમવારે સવારે લગભગ સાડા ન વ વાગ્યે જ્યારે ફેક્ટરીમાં ૨૫ જેટલા મજૂરો કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક જોરદાર વિસ્ફોટ સાથે આગ ફાટી નીકળી હતી. એડીએમ સુમિતા મિશ્રાના જણાવ્યા અનુસાર, પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ધુમાડાના ગોટેગોટા જોઈને આ ઘટનાની જાણ થઈ હતી. તુરંત જ ખુશખેડા અને ભીવાડી RICO ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ લગભગ દોઢ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ એટલી વિકરાળ હતી કે ફેક્ટરીમાં કામ કરી રહેલા મજૂરોને બહાર નીકળવાની તક જ મળી નહોતી. બચાવ કામગીરી દરમિયાન જે દ્રશ્યો સામે આવ્યા તે હૃદયદ્રાવક હતા. મૃતદેહો એટલી ખરાબ રીતે બળી ગયા હતા કે તે માત્ર હાડપિંજર બની ગયા હતા. શરીરના અંગોના ટુકડા વેરવિખેર હાલતમાં મળી આવ્યા હતા, જેને બચાવ ટીમે પ્લાસ્ટિકની બેગમાં એકત્ર કરવા પડ્યા હતા.આ દુર્ઘટનામાં ૪



મજૂરો ગંભીર રીતે દાઝી ગયા છે. જેમાં અનૂપ કુમાર અને જુન્નુ ૯૦% થી વધુ દાઝી ગયા હોવાથી તેમની હાલત અત્યંત નાજુક છે. અન્ય બે ઈજાગ્રસ્તો વિવેક કુમાર અને મન્નુને પણ તાત્કાલિક સારવાર માટે દિલ્હીની એઈમ્સ (AIIMS) હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

જિલ્લા કલેક્ટર આર્તિકા શુક્લા અને એડીએમ શિવપાલ જાટ ઘટનાસ્થળે અને ત્યારબાદ ટપુકડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર પહોંચ્યા હતા. કલેક્ટરે સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ ગેસ લીકેજની ઘટના નહોતી. અત્યાર સુધીમાં ૫ મૃતકોની ઓળખ થઈ શકી છે, જેઓ બિહારના મોતીહારી જિલ્લાના વતની હતા. ફેક્ટરીના માલિકનું નામ રાજેન્દ્ર હોવાનું સામે આવ્યું છે અને તેની સામે ગેરકાયદેસર ફટાકડા બનાવવાના ગુના હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ભીવાડી દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી સંવેદના પ્રગટ કરી અને પ્રાર્થના કરી છે.

**ફોરેન્સીક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી**

સોમવારે સવારે ૯.૩૦ વાગ્યે ભીવાડીના ખુશખેડા કરૌલી ઔદ્યોગિક વિસ્તારમાં એક કેમિકલ-ફટાકડા ફેક્ટરીમાં આગ લાગી હતી. તે સમયે લગભગ ૨૫ મજુરો અંદર હતા. તેમાંથી આઠ મજુરો જીવતા સળગી ગયા હતા. બાકીના લોકો બહાર નીકળી ગયા હતા. ઘટનાસ્થળે ફોરેન્સિક ટીમ અને મોબાઈલ લેબોરેટરી હાજર છે, અને ફેક્ટરીમાંથી નમૂના લેવામાં આવી રહ્યા છે.બચાવ ટીમોને કેમિકલ ફેક્ટરીની અંદર ફટાકડા મળ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ત્યાં ફટાકડા પણ બનાવવામાં આવતા હતા. ટીમે ઘટનાસ્થળેથી ગનપાઉડર પણ જપ્ત કર્યો છે. પોલીસ તપાસ કરી રહી છે.

# ન્યૂ દિલ્હીમાં એઆઈ ઈન્ડિયા ઈમ્પેક્ટ સમિટનું ઉદઘાટન કરતા પીએમ મોદી

નવી દિલ્હી,તા.૧૬

પીએમ નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં યોજાયેલી એઆઈ ઈન્ડિયા ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬નું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું કે ભારત વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ઝડપી પ્રગતિ કરી રહ્યું છે અને વિશ્વ હવે ભારતની ક્ષમતાને માન્યતા આપી રહ્યું છે. સમિટમાં ૨.૫ લાખથી વધુ લોકોએ નોંધણી કરાવી, જે આ કાર્યક્રમ પ્રત્યેના વૈશ્વિક ઉત્સાહનું પ્રતિબિંબ છે.




પ્રધાનમંત્રીએ કહ્યું કે ૧.૪ અબજ ભારતીયોની સામૂહિક શક્તિ, મજબૂત ડિજિટલ જાહેર માળખું, વિકસતું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને અદ્યતન સંશોધન ભારતને એઆઈ ક્ષેત્રમાં મોખરે લઈ જઈ રહ્યા છે. સમિટ સાથે યોજાયેલા એઆઈ એક્સ્પોમાં ૧૩ દેશોના પેવેલિયન, ૬૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને ૩૦૦થી વધુ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યા છે.

આ સમિટનો ઉદ્દેશ જવાબદાર અને સમાવેશક એઆઈ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. ઈ-પુસ્તકો અને એઆઈ આધારિત શૈક્ષણિક સાધનો દ્વારા મેડિકલ શિક્ષણને મજબૂત બનાવવા સરકાર પ્રયત્નશીલ છે. નિષ્ણાતોના મત મુજબ, આ સમિટ ભારતના એઆઈ બજારને વૈશ્વિક સ્તરે નવી દિશા આપશે અને રોજગાર તથા નવીનતાના નવા અવસરો ઊભા કરશે.

# ભારતીય સેના ભગવાન શિવ પાસેથી પ્રેરણા લે છે : રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી,તા.૦૬

રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય સેના ભગવાન શિવ પાસેથી પ્રેરણા લે છે. તેમણે કહ્યું કે જેમ ભગવાન શિવ સુરક્ષા અને વિનાશ બંનેના પ્રતીક છે, તેવી જ રીતે આજે આપણી સેનાઓ નિર્ભયતા અને ધૈર્ય બંને ધરાવે છે.રક્ષામંત્રીએ કહ્યું કે એક તરફ, તેઓ સંકટના સમયે શિવની ભાવનાથી માનવીય મદદ કરે છે, બીજી તરફ, જ્યારે જરૂર પડે, ત્યારે તેઓ રુદ્રની ઝડપથી ઓપરેશન સિંદૂર જેવા ઓપરેશન કરે છે. તેમણે કહ્યું કે ચંદ્રયાન



અને આદિત્ય-એલ૧ જેવા ભારતના સ્પેસ મિશન માત્ર ટેકનોલોજીકલ સિદ્ધિઓ નથી, પરંતુ તે એક જૂની વૈજ્ઞાનિક વારસાનું આધુનિક અભિવ્યક્તિ છે.રાજનાથ સિંહ રવિવારે ઈશા ફાઉન્ડેશનના મહાશિવરાત્રી કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સદ્ગુરુ જગ્ગી વાસુદેવ સાથે કેટલાક લોકોને સન્માનિત પણ કર્યા.ક્ષા મંત્રી રાજનાથ સિંહે સદગુરુ જગ્ગી વાસુદેવ સાથે ઈશા ફાઉન્ડેશન વતી સન્માનિત લોકોને ભવ્ય ભારત ભૂષણ એવોર્ડ મેડલ અને સર્ટિફિકેટ આપ્યા. આ એવોર્ડ વેસ્ટર્ન એર કમાન્ડના એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા અને વેસ્ટર્ન નેવલ કમાન્ડના એડમિરલ રાહુલ વિકાસ ખોખલેને ઓપરેશન સિંદૂર માટે આપવામાં આવ્યા. અન્ય એવોર્ડ મેળવનારાઓમાં આર્ટિસ્ટ ડો. એન. રાજન, ડાન્સર અલમેલ વલ્લી, રોકેટ સાયન્ટિસ્ટ ડો. નામ્બી નારાયણન, ISROના પૂર્વ ચેરમેન એ.એસ. કિરણ કુમાર, એકેડેમિશિયન વિક્રમ સંપત અને બેડમિન્ટન પ્લેયર સાયના નેહવાલનો સમાવેશ થાય છે.

### ખાદ્યપદાર્થો અને પ્રાથમિક વસ્તુઓના ભાવમાં તેજી, ફ્યુઅલમાં ઘટાડો છતાં મેન્યુફેક્ચરિંગ મોંઘું

# જાન્યુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી ૧.૮૧% પર, ૧૦ મહિનામાં સૌથી વધુ

નવી દિલ્હી, તા. ૧૬

જાન્યુઆરી મહિનામાં જથ્થાબંધ મોંઘવારી (WPI) વધીને ૧.૮૧ ટકા પર પહોંચી ગઈ છે, જે ડિસેમ્બર મહિનાના ૦.૮૩ ટકાની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. છેલ્લા ૧૦ મહિનામાં આ સૌથી ઊંચું સ્તર છે. અગાઉ માર્ચ ૨૦૨૫માં જથ્થાબંધ મોંઘવારી ૨.૦૫ ટકા પર નોંધાઈ હતી. વાણિજ્ય મંત્રાલયે ૧૬ ફેબ્રુઆરીએ આ આંકડા જાહેર કર્યા હતા.જાન્યુઆરી દરમિયાન રોજિંદી




જરૂરિયાતની પ્રાથમિક વસ્તુઓના ભાવમાં વધારો નોંધાયો છે. પ્રાઈમરી આર્ટિકલ્સનો ફુગાવો ડિસેમ્બરના ૦.૨૧ ટકાથી વધીને ૨.૨૧ ટકા થયો છે. ખાદ્યપદાર્થોના ફૂડ ઈન્ડેક્સમાં પણ સુધારો જોવા મળ્યો છે. ડિસેમ્બરમાં માઈનસ ૦.૪૩ ટકા રહેલો ફુગાવો જાન્યુઆરીમાં વધીને ૧.૫૫ ટકા થયો છે. બીજી તરફ, ફ્યુઅલ અને પાવર ક્ષેત્રમાં ઘટાડો નોંધાયો છે. તેનો દર માઈનસ ૨.૩૧ ટકાથી ઘટીને માઈનસ ૪.૦૧ ટકા રહ્યો છે. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો ફુગાવો ૧.૮૨ ટકાથી વધીને ૨.૮૬ ટકા પર પહોંચ્યો છે.જથ્થાબંધ મોંઘવારીના મુખ્ય ત્રણ ભાગ છે. પ્રાથમિક વસ્તુઓનું વેઈટેજ ૨૨.૬૨ ટકા છે, ફ્યુઅલ અને પાવરનું ૧૩.૧૫ ટકા છે, જ્યારે મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનું વેઈટેજ સૌથી વધુ ૬૪.૨૩ ટકા છે. પ્રાથમિક વસ્તુઓમાં ફૂડ આર્ટિકલ્સ જેમ કે અનાજ, ઘઉં અને શાકભાજી, નોન-ફૂડ આર્ટિકલ્સ જેમ કે તેલીબિયાં, ખનિજો અને ક્રૂડ પેટ્રોલિયમનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, જાન્યુઆરીમાં છૂટક મોંઘવારી (CPI) પણ વધીને ૨.૭૫ ટકા પર પહોંચી ગઈ છે, જે ડિસેમ્બરમાં ૧.૩૩ ટકા હતી. આ છેલ્લા ૮ મહિનાનું સૌથી ઊંચું સ્તર છે. મે ૨૦૨૫માં છૂટક મોંઘવારી ૨.૮૨ ટકા પર નોંધાઈ હતી.જથ્થાબંધ મોંઘવારીમાં સતત વધારો ઉત્પાદકો માટે પડકારરૂપ બની શકે છે. લાંબા ગાળે ઉત્પાદકો વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર મૂકી શકે છે. સરકાર ટેક્સ નીતિ દ્વારા ઉઁ ને મર્યાદિત હદ સુધી નિયંત્રિત કરી શકે છે. ઉદાહરણ તરીકે, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થતાં સરકારે ઈંધણ પરની એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો.


# રોહિત શેટ્ટી ફાયરિંગ કેસમાં મુખ્ય શૂટર સહિત છ આરોપીઓ કોર્ટમાં હાજર, ૧૨ની ધરપકડ

મુંબઈ, તા.૧૬


ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘર પર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે. પોલીસે આગ્રાથી વધુ એક શંકાસ્પદ વિષ્ણુ કુશવાહાની ધરપકડ કરી છે, જેની સાથે આ કેસમાં કુલ ધરપકડનો આંકડો ૧૨ પર પહોંચ્યો છે. મુખ્ય શૂટર દીપક સહિત છ આરોપીઓને આજે સ્પેશિયલ મકોકા (MCOCA) કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા,







જ્યાં કોર્ટે તમામ આરોપીઓને ૨૫ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ ઘણા દિવસોથી રેકી કરી રહ્યા હતા. ધરપકડ કરાયેલા અન્ય ત્રણ વ્યક્તિઓ પર આરોપીઓને આશ્રય આપવાનો અને ભાગવામાં મદદ કરવાનો આરોપ છે. પોલીસ હવે આ કેસના ઊંડા મૂળ સુધી પહોંચવા માટે કસ્ટડી દરમિયાન વધુ પૂછપરછ હાથ ધરશે.





# "હું ગાંધીવાદી અને રાજીવવાદી છું, પણ રાહુલવાદી નથી.": મણીશંકર ઐય્યર

તિરૂવનંતપુરમ,તા.૧૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે તાજેતરમાં પોતાની જ પાર્ટીના નેતાઓ સામે મોરચો ખોલીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. એક કાર્યક્રમમાં તેમણે કેરળના મુખ્યમંત્રીના વખાણ કર્યા, જ્યારે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે, "હું ગાંધીવાદી અને રાજીવવાદી છું, પણ રાહુલવાદી નથી." અય્યરે નારાજગી વ્યક્ત કરી કે રાહુલ ગાંધી કદાચ ભૂલી ગયા છે કે તેઓ હજુ પણ પાર્ટીના સભ્ય છે.તેમણે શશિ થરૂર, જયરામ રમેશ અને પવન ખેડા



જેવા દિગ્ગજો સામે રોષ ઠાલવ્યો હતો. પવન ખેડાને પ્રવક્તા બનાવવા બદલ તેમણે પાર્ટીને 'મૂર્ખ' ગણાવી તેમને માત્ર 'કઠપૂતળી' કહ્યા હતા. કે.સી. વેણુગોપાલની સત્તા સામે પણ તેમણે સવાલો ઉઠાવ્યા છે, જે કોંગ્રેસની આંતરિક ખેંચતાણને છતી કરે છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૭-૦૨-૨૦૨૬

# ‘આપ’ના આગેવાનો દ્વારા વડિયા પંથકમાં નકલી દૂધના ટેન્કરનો ભાંડાફોડ

**આપ યુવા નેતા યુવરાજસિંહ જાડેજા પર જીવલેણ હુમલાનો આક્ષેપ તપાસની માંગ**

વડીયા,તા.૧૬

વડિયા વિસ્તારમાં નકલી દૂધના સંભવિત ગેરકાયદેસર વેપારને લઈને ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવરાજસિંહ જાડેજા દ્વારા શંકાસ્પદ દૂધના ટેન્કરને પકડી પાડવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. તેમના જણાવ્યા મુજબ, ગુજરાતમાં મોટા પાયે નકલી દૂધનો વ્યવસાય ચાલી રહ્યો હોવાની તેમને લાંબા સમયથી શંકા હતી અને છેલ્લા ત્રણ મહિનાથી તેઓ આ મુદ્દે સક્રિય રીતે તપાસ કરી રહ્યા હતા. યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે વડીયા નજીક આવેલા હનુમાન ખિજડિયા ગામમાંથી દરરોજ બે જેટલા દૂધના ટેન્કર ગાંધીનગર અને અરવલ્લી વિસ્તાર તરફ જતાં હોવાની માહિતી તેમને પ્રાપ્ત થઈ હતી. દૂધ અસલી છે કે નકલી તેની ખાતરી કરવા માટે તેઓ આ ટેન્કરો પર નજર રાખી રહ્યા હતા અને GPS ટ્રેકિંગ સહિતના કેટલાક પુરાવા એકત્રિત કર્યા હોવાનું પણ તેમણે દાવો કર્યો છે.આજે પરબવાવડીથી હનુમાન ખિજડિયા તરફ જતા સમયે શંકાસ્પદ દૂધ ભરેલું ટેન્કર અટકાવવામાં આવ્યું હતું. યુવરાજસિંહ જાડેજા, ધાર્મિક માથુકીયા, દિલીપ ભૂવા સહિતના AAP આગેવાનો દ્વારા ટેન્કરને રોકીને પોલીસ સ્ટેશન સુધી લઈ જવામાં આવ્યું હતું. ટેન્કરનો નંબર



GJ-33-T-૬૦૦૧ હોવાનું જણાવાયું છે અને છેલ્લા ત્રણ મહિનાથી તે વિવિધ સ્થળોએ દૂધ ખાલી કરતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. યુવરાજસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે ટેન્કર રોક્યા બાદ તેમની ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, ટેન્કર ડ્રાઈવર અને અન્ય કેટલાક લોકોએ ગાડી રોકીને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને વાહનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ બાઈક પરથી પથ્થર ફેંકવામાં આવ્યા અને સ્ટીલનો રોડ ફેંકીને હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે ખીરસરા ગામ નજીક બે ગાડીઓએ તેમની ગાડી ઘેરી લીધી અને અંદાજે ૧૦થી ૧૫ લોકો દ્વારા મારપીટ કરવામાં આવી. તેમની સાથે રહેલા અન્ય સાથીદારોને પણ ઈજા પહોંચાડવામાં આવી હોવાનું જણાવાયું છે. આ સમગ્ર ઘટનાને લઈને વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. યુવરાજસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, તેમનો એકમાત્ર હેતુ ગુજરાતની જનતાને શુદ્ધ અને સુરક્ષિત દૂધ ઉપલબ્ધ થાય તે છે. તેમણે શંકા વ્યક્ત કરી કે આ દૂધમાં યુરિયા, પામ તેલ તથા અન્ય રસાયણો મિશ્રિત કરવામાં આવ્યા હોઈ શકે છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે સહકારી ડેરીઓમાં બહારના વિસ્તારનું દૂધ સ્વીકારવાની મનાઈ હોવા છતાં આ ટેન્કરનું દૂધ કેવી રીતે સ્વીકારવામાં આવતું હતું?તેમણે માંગ કરી કે સંદિગ્ધ ટેન્કરને તાત્કાલિક સીલ કરવામાં આવે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તથા કડક તપાસ હાથ ધરવામાં આવે. સાથે જ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી તથા સંબંધિત વિભાગોને આ ઘટનાની ગંભીરતાથી નોંધ લઈને દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

# અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે સહસ્ત્ર શિવલિંગ અને ૧૨ જ્યોર્તિલિંગ દર્શનનું ભવ્ય આયોજન

અમરેલી,તા.૧૬

અમરેલીના સિનિયર સિટીઝન પાર્ક ખાતે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે બ્રહ્માકુમારીઝ દ્વારા સહસ્ત્ર શિવલિંગ (એક સાથે ૧૦૦૦ શિવલિંગ) તથા ૧૨ જ્યોર્તિલિંગ દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. એક સાથે હજાર શિવલિંગના



દર્શનથી સર્વ ભક્તોને હજારવાર દર્શનનું ફળ પ્રાપ્ત થાય, હજાર વરદાન મળે અને ભગવાન હજાર ભૂલો માફ કરે તેવા ભાવ સાથે આ મંદિર ગોઠવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદઘાટન અગ્રણી ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી અને લાઈન્સ ક્લબ સિટી અમરેલીના પ્રમુખ રૂજુલભાઈ ગોંડલીયાએ દીપ પ્રાગટ્ય કરીને કર્યું હતું. આ પ્રસંગે ભક્તોએ શિવ પરમાત્મા સમક્ષ પોતાના અવગુણો અને વ્યસનો અર્પણ કરી શુભ સંકલ્પરૂપી બીલીપત્ર ચડાવ્યા હતા.

# રાજુલામાં શિવરાત્રિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ: સાધુ-સંતો અને રાજકીય આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ

રાજુલા,તા.૧૬

રાજુલા શહેરમાં શિવરાત્રિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રામાં સાધુ-સંતો નારાયણદાસજી સ્વામી અને હરીનંદનદાસજી સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર સહિતના



અગ્રણીઓએ પણ હાજરી આપી દર્શનનો લાભ લીધો હતો.

શોભાયાત્રામાં રાજુલા BAPS મંદિર અને બ્રહ્માકુમારી સંસ્થાના સભ્યો પણ જોડાયા હતા. નાના બાળકો દ્વારા રજૂ કરાયેલી શિવ-પાર્વતીની કૃતિ અને આકર્ષક ફ્લોટ્સે ભારે આકર્ષણ જમાવ્યું હતું. શોભાયાત્રામાં રાજુલા કન્યા શાળાની આશરે ૪૦ જેટલી બાળાઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ દીકરીઓને રાજુલા રુદ્ર ગણ દ્વારા સ્ટીલના નાના ડબ્બા આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, પોલીસ ચોકી નજીક જેન્સી નામની દીકરી દ્વારા શિવ તાંડવ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેને નિહાળવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા લોકોને યોગ બાબતે જાગૃત કરવા માટે એક ખાસ કૃતિ પણ મૂકવામાં આવી હતી.

# અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પાંચ દિવસીય તાલીમ સંપન્ન


રૂમઝૅલઈ,ઞ્જ્ન્ન.૧૬

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ખાતે ગત તા. ૧૧/૦૨/૨૦૨૬ થી ૧૫/૦૨/૨૦૨૬ સુધી પાંચ દિવસીય ફળ અને શાકભાજી સંરક્ષણ તાલીમ યોજાઈ હતી. આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન નાયબ બાગાયત નિયામકની કચેરી (અમરેલી), KVK-અમરેલી અને



પોલીટેક્નિક ઈન એગ્રીકલ્ચરના આચાર્ય ડો. ડી.એસ. કેલૈયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ (કો-ઓર્ડિનેટર ડો. કૃતિકા એસ. પટેલ) દ્વારા કરવામાં આવ્યું હતું.આ તાલીમમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારિયા તથા વિષય નિષ્ણાત (ગૃહ વિજ્ઞાન) ડો. નેહા તિવારી દ્વારા એગ્રીકલ્ચર પોલીટેકનિક કોલેજની ૩૩ જેટલી વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પાંચ દિવસ દરમિયાન તાલીમાર્થીઓને ફળ અને શાકભાજીને કોઈપણ રાસાયણિક પદાર્થો વિના લાંબા સમય સુધી સાચવવાની વિધિ શીખવવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા, યોગ્ય કટિંગ, ગરમ કરવાની પ્રક્રિયા તેમજ ખાંડ, મીઠું અને તેલ જેવા કુદરતી સંરક્ષકોના મહત્વ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તાલીમ પૂર્ણ થતાં તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને સ્ટાઈપેન્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા અને સ્વરોજગારીની તકો ઉભી કરવા માટે પ્રેરણા મળી હતી.

## ગાવડકા ગામે ખૂંટીયાનો ત્રાસ



તસવીર : હસુભાઈ રાવળ

અમરેલી તાલુકાના ગાવડકા ગામના મુખ્ય હાઈવે પર અવાર નવાર ખૂટીયાનો ત્રાસ જોવા મળી રહ્યો છે. રખડતા ખૂટીયા વારંવાર રસ્તાઓ ઉપર આવી જતા હોવાથી ઘણીવાર ટ્રાફીક જામની સમસ્યા જોવા મળે છે. રખડતા ઢોર બાબતે ગ્રામ પંચાયત દ્વારા અવાર નવાર રજૂઆત કરવા છતા કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી. રાત્રીના સમયે ખૂટીયા રસ્તા પર આવી જતા હોવાથી કોઈ ગંભીર ઘટના બને તે પહેલા રખટતા ખૂટીયાને દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# લાઠીની ચાર દીકરીઓનું ‘સત્સંગ દીક્ષા’ ગ્રંથના મુખપાઠથી ગિનિસ બુકમાં નામ

**બીએપીએસની બાળાઓએ સંસ્કૃત શ્લોક ગાન દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું**

લાઠી,તા.૧૬

વડોદરા ખાતે પૂજ્ય મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલ અવસરે બીએપીએસ (BAPS) સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમમાં લાઠીની ૧૩ વર્ષીય ચાર બાળાઓએ અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. કુમારી જેની અંકુર પટેલ, ભક્તિ પરમાર, મહેક વનરા અને રૂત્વી ચૌહાણે ‘સત્સંગ દીક્ષા’ ગ્રંથના તમામ ૩૧૫ શ્લોકો કંઠસ્થ કરી તેનું સંસ્કૃતમાં ગાયન કર્યું હતું.

આ બાળાઓની અદભૂત



યાદશક્તિ અને ભક્તિમય પ્રસ્તુતિને કારણે તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોડ્ર્સમાં અંકિત કરવામાં આવ્યું છે. બીએપીએસ બાળ સંસ્થાન પ્રવૃત્તિ હેઠળ તૈયાર થયેલી આ બાળાઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિએ સાબિત કર્યું છે કે દ્રઢ સંકલ્પ અને યોગ્ય માર્ગદર્શન દ્વારા નાની ઉંમરે પણ આધ્યાત્મિક અને શૈક્ષણિક શિખરો સર કરી શકાય છે.




**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ-નં.45/2026

પ્રતિ,
શ્રી મીણાબેન ઉકાભાઈ ડાભી
રહે.સૈયદ રાજપરા, ગામ-સૈયદ રાજપરા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એમ.કાતિરા,ઉના ............અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત સૈયદ રાજપરા, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામના રહીશ ઉકાભાઈ ડાયાભાઈ ડાભી તથા મીણાબેન ઉકાભાઈ ડાભીના પુત્ર ગીતાબેન ઉકાભાઈ ડાભીનો જન્મ તા.01/06/1999 ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સૈયદ રાજપરા, તા. ઉના સને-1999 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.58/2026
મરણ તારીખ : 01/06/1960

શ્રી ખારાઈ દાઉદ જુમા,
રહે.મુળ દ્વારકા ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ખારાઈ દાઉદ જુમા, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જુમાભાઈ ખારાઈ તથા જુમાબેન ખારાઈ ના પુત્ર ખારાઈ દાઉદ જુમાનો જન્મ તારીખ.01/06/1960ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# લાઠી તાલુકાના જરખીયા ગામે પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૬



લાઠી તાલુકાના જરખીયા ગામે ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ લાવવા અને રાસાયણિક મુક્ત ખેતી તરફ પ્રોત્સાહિત કરવા માટે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામ તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ, તેના લાભો અને પ્રયોગાત્મક અમલીકરણ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે માસ્ટર ટ્રેનર શ્રી વૈશાલીબેન ચાવડાએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે આ પદ્ધતિ જમીનની ઉપજાઉ શક્તિમાં વધારો કરે છે, ખેતી ખર્ચમાં ઘટાડો કરે છે અને ખેડૂતોને શુદ્ધ તથા ગુણવત્તાયુક્ત ઉત્પાદન આપે છે.

# રાજુલા-ભેરાઈ રોડની બિસ્માર હાલતને લઈ ગ્રામજનોમાં રોષ

**અધૂરું સમારકામ અને તંત્રની બેદરકારીથી સરપંચોએ આક્રોશ વ્યક્ત કર્યો**


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૬

રાજુલા તાલુકાનો અતિ મહત્વનો ગણાતો રાજુલાથી ભેરાઈ રોડ તાજેતરના ભારે વરસાદ બાદ અત્યંત બિસ્માર બની ગયો છે. તંત્ર દ્વારા માત્ર રાજુલાથી હાઈવે ચોકડી સુધીનું જ રીપેરીંગ કામ કરવામાં આવ્યું છે, જ્યારે હાઈવે ચોકડીથી ભેરાઈ સુધીનો માર્ગ હજુ પણ મોટા મોટા ખાડાઓ અને ઉખડી ગયેલા ડામરથી ખદબદી રહ્યો છે. આ માર્ગ પીપાવાવ પોર્ટ જવા માટેનો ટૂંકો રસ્તો હોવા ઉપરાંત ભેરાઈ, ભચાદર, ઉચૈયા અને વડ જેવા ગામો માટે મુખ્ય રસ્તો છે. ભેરાઈના સરપંચ વાલાભાઈ રામ અને ભચાદરના સરપંચ તખુભાઈએ આક્ષેપ કર્યો છે કે સરકારની જાહેરાત છતાં કામ અધૂરું કેમ છોડાયું? શું કાગળ પર કામ પૂરું બતાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે? ખાસ કરીને ડુંગળીના કારખાનાથી બંને ખારવાના નાળા સુધીનો રસ્તો અને પુલિયાઓ અતિ ભયજનક હાલતમાં છે. જો સત્વરે મરામત નહીં થાય, તો રાહદારીઓની હાલાકી વધશે. ગ્રામજનોની માંગ છે કે આ માર્ગનું યુદ્ધના ધોરણે ગુણવત્તાયુક્ત કામ કરવામાં આવ નહીતર આંદોલન કરવામાં આવશે.

# રાજુલાના દેવકા ગામે એનએસએસ શિબિર યોજાઈ : ગામ સફાઈ કરાઈ

**શિબિર દરમિયાન રક્તદાન, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો**



અમરેલી,તા.૧૬

રાજુલાની જે. એન. સંઘવી શાળા દ્વારા તાજેતરમાં દેવકા મુકામે એક વિશેષ એન.એસ.એસ. શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિર અંતર્ગત તા.૧૧ના રોજ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલાના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો, જેમાં ૧૦૫ દર્દીઓને નિઃશુલ્ક તપાસ અને દવાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ તા.૧૪ના રોજ નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ, મહુવાના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં ગ્રામજનોના સહકારથી ૩૦ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ ઉપરાંત, સ્વયંસેવકો દ્વારા ગ્રામ સફાઈ, વ્યસન મુક્તિ અભિયાન અને ભીંતસૂત્રોના લેખન જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અને જિગ્નેશભાઈ વાજા સહિતના મહાનુભાવોએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# લાઠીમાંથી યુવતી ઘરેથી કહ્યા વગર ચાલી નીકળી

લાઠી, તા.૧૬

લાઠી શહેરમાંથી એક યુવતી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ હોવાની ઘટના સામે આવી હતી. યુવતી ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હોવાથી ચકચાર મચી હતી. રાજેશભાઈ કાનજીભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી કૃપાબેન નામની યુવતી ગત તા. ૦૪/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૦:૪૫ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હાજર હતી. આ સમય દરમિયાન તે પરિવારના કોઈ પણ સભ્યને કંઈ પણ કહ્યા વગર અચાનક ઘરેથી નીકળી ગઈ હતી. પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં અને સંબંધીઓને ત્યાં તપાસ કરી હોવા છતાં યુવતીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે, યુવતીના ગુમ થયા અંગે લાઠી પોલીસ મથકે વિધિવત જાણ કરવામાં આવી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટા કણકોટ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ માટે ચિખલકુબા ખાતે ત્રિ-દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ

લીલીયા મોટા, તા.૧૬



લીલીયા તાલુકાની મોટા કણકોટ પ્રાથમિક શાળામાં ધોરણ ૭ અને ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ માટે ચિખલકુબા ખાતે વન પ્રકૃતિ શિક્ષણ શિબિરની મુલાકાત લીધી હતી.

ત્રણ દિવસની આ શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને સુલેમાન કુટિયા, રાવલ નદી, રાવલ ડેમ અને ચિખલકૂબા કેમ્પ સાઈટનું ટ્રેકિંગ કરાવવામાં આવ્યું હતું. આ ટ્રેકિંગ દરમિયાન વન્ય પ્રાણીઓ, વનસંરક્ષક અને સંવર્ધન તેમજ વિવિધ વનસ્પતિઓ વિશે વિશેષ જાણકારી આપવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ આંબરડી સફારી પાર્કની મુલાકાત લઈ વન્ય પ્રાણીઓને નજીકથી નિહાળી આનંદ અનુભવ્યો હતો. ઉપરાંત તુલસીશ્યામ જંગલમાં બિરાજમાન શ્યામ સુંદર ભગવાનના મંદિર તેમજ ગરમ પાણીના કુંડની મુલાકાત પણ લીધી હતી.

આ શિબિરમાં વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષક મનસુખલાલ મેવાડા જોડાયા હતા.

# લાઠી ખાતે સ્વામિનારાયણ મંદિર ખાતે હિન્દુ સંમેલનની સભા યોજાઈ

અમરેલી,તા.૧૬



લાઠી ખાતે સ્વામિનારાયણ મંદિરના સાનિધ્યમાં હિન્દુ સંમેલનની સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં હિન્દુ સમાજને મજબૂત બનાવવા અને આગામી કાર્યોની રૂપરેખા તૈયાર કરવા માટે મહત્વના નિર્ણયો લેવાયા હતા. સર્વાનુમતે જયેશભાઈ ઠાકરની અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. નવા અધ્યક્ષની નિમણૂક સાથે જ હિન્દુ સંમેલનને વેગ આપવા માટે નવી કારોબારી સમિતિની પણ રચના કરવામાં આવી છે. આ સમિતિમાં સ્થાનિક અગ્રણીઓ અને ઉત્સાહી કાર્યકરોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ સંગઠનને મજબૂત બનાવવામાં મદદ કરશે.

# ટેકાના ભાવે ખરીદેલી મગફળીના બાકી નાણા ચૂકવવા કિસાન સંઘની કલેક્ટરને રજૂઆત

અમરેલી,તા.૧૬

સરકારે ખેડુતો પાસેથી ટેકાના ભાવે ખરીદેલી મગફળીના બાકી નાણા ચૂકવવા અમરેલી જિલ્લા કિસાન સંઘે કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી છે. કિસાન સંઘના જિલ્લા પ્રમુખ સામતભાઈ જેબલિયાએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, ચાલુ સીઝનમાં સરકાર દ્વારા ખેડુતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી હતી. એક મહિના અગાઉ જમા કરાવેલી મગફળીના નાણા હજુ સુધી ૨૦ ટકા જેટલા ખેડુતોને ચુકવાયા નથી. આ અંગે અધિકારીઓને રજૂઆત કરવાં છતાં યોગ્ય જવાબ મળતા નથી. ખેડુતોને અત્યારે લગ્ન સીઝન તેમ જ અન્ય કામમાં નાણાની ખૂબ જ જરૂરીયાત હોવાથી તેમને વ્યાજે રૂપિયા લાવવા પડે છે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ ઉપરાંત કિસાન સંઘે એવી પણ ચીમકી આપી છે કે, જો તાત્કાલિક નાણા ચૂકવવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે એક દિવસીય આંદોલન કરવાની ફરજ પડશે. આ અંગેની રજુઆત ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને કિસાન સંઘ-ગાંધીનગરને પણ કરવામાં આવી છે.

# પુલવામાના વીર શહીદોને ડુંગર ગામે આપી ભાવભરી શ્રદ્ધાંજલિ

રાજુલા,તા.૧૬



૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ કાશ્મીરની પુલવામા ઘાટીમાં દેશની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર અમર શહીદોની યાદમાં, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ડુંગર ગામે ગરિમાપૂર્ણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘‘એક દિયા વીર શહીદો કે નામ‘‘ શીર્ષક હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સમગ્ર ગામ દેશભક્તિના રંગે રંગાયું હતું. ડુંગર યુવક મંડળ અને ગ્રામજનોએ આ દિવસને શહીદોના સન્માનમાં સમર્પિત કર્યો હતો. આ પ્રસંગે દીપ પ્રગટાવી અને બે મિનિટનું મૌન પાળીને શહીદ જવાનોને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના વિશેષ આકર્ષણ તરીકે, કન્યાશાળાની વિદ્યાર્થીની ઉર્વીબેન તથા ડુંગર યુવક મંડળ ફ્રી ફિઝિકલ ટ્રેનિંગ સેન્ટરના ટ્રેનર નાગજીભાઈ બારોટના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહેલી ટીમ દ્વારા ભારત દેશના નકશાની ભવ્ય રંગોલી તૈયાર કરવામાં આવી હતી.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



સંકુલ કોલેજ ગર્લ્સને શૈક્ષણિક કાર્ય અર્થે પેરેન્ટ્સની સમંતિથી સ્માર્ટ ફોનની છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad198




BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■મનિષ વાકોતર ■વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## અવસાન નોંધ

**અમરેલી/જાળીયા**

સ્વ.હેમંત ભરતભાઈ ડાબસરા, (ચુંવાળીયા કોળી ઠાકોર) (ઉ.વ.૨૫)નું તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભરતભાઈ લક્ષ્મણભાઈ ડાબસરાના પુત્ર, રીકેશ તથા પૌસલ તથા પ્રાંજલના નાનાભાઈ તથા બાબુભાઈ લક્ષ્મણભાઈ ડાબસરા કોળી ઠાકોર સમાજ અમરેલી જિલ્લા અગ્રણીના નાના ભાઈના પુત્ર થાય છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૬૨/૨૦૨૬

અરજદાર : શ્રી રામભાઈ બાવાભાઈ બાંભણીયા
સરનામુ : મું.ખારવાવાડ, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી રામભાઈ બાવાભાઈ બાંભણીયા** એ તેમની **પુત્રી નામે શ્રી મંજુબેન રામભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૮૯/૨૦૨૫

અરજદાર : શ્રી નસીમબેન રફીકભાઈ ભરચ
સરનામુ : મું.મફત પ્લોટ, લાઈટ હાઉસ રોડ, જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલીકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના **જાફરાબાદના જાફરાબાદ** ગામના **શ્રી નસીમબેન રફીકભાઈ ભરચ** એ તેમના **મોટાબહેન નામે શ્રી જેતુન સુલેમાન ભરચ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૬૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૬૧/૨૦૨૬

અરજદાર : શ્રી રામભાઈ બાવાભાઈ બાંભણીયા
સરનામુ : મું.ખારવાવાડ, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**-: નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી રામભાઈ બાવાભાઈ બાંભણીયા** એ તેમની **પુત્રી નામે શ્રી સોમીબેન રામભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૧૯/૨૦૨૬

શ્રી પુરણચંદ્ર પોપટભાઈ વ્યાસ,
રહે.ચણાકા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ચણાકા
તા.ભેંસાણ, જી-જુનાગઢ
.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પુરણચંદ્ર પોપટભાઈ વ્યાસનો જન્મ તા.૧૭/૦૬/૧૯૭૦ના રોજ ગામ/મોજે: ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૦ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં "સશક્ત યુવા અને ભગવદ ગીતા" પર પરિસંવાદ યોજાયો

અમરેલી,તા.૧૬

અમરેલી શહેરની શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સ્થિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે "સશક્ત યુવા અને ભગવદ ગીતા" વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કોલેજ અને રાજ્ય સરકારના મંત્રી કૌશિક વેકરિયા દ્વારા સ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ–અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. પરિસંવાદમાં જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તેમજ એફ.આર.સી.ના સૌરાષ્ટ્ર ઝોનના સભ્ય મુકુંદભાઈ મહેતા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, એ.બી.વી.પી.ના નગર અધ્યક્ષ પ્રા. ડો. એ. જે. ચંદ્રાવાડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



**કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ અને કોલેજના સંયુક્ત ઉપક્રમે આયોજન**

# સાવરકુંડલામાં મહાશિવરાત્રી પર્વ નિમિત્તે શિવભક્તિનો સાગર ઉમટ્યો

સાવરકુંડલા,તા.૧૬

મહાશિવરાત્રીની આજે સાવરકુંડલા શહેરમાં અત્યંત ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રંગબેરંગી રોશની અને ફૂલોના શણગારથી મંદિરોની શોભામાં અભિવૃદ્ધિ થઈ હતી. ખાસ કરીને રાત્રિના સમયે આ મંદિરો દીપી ઉઠ્યા હતા, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. હાથસણી રોડ ખાતેના રામનાથ મહાદેવ, સોમેશ્વર મહાદેવ, બુદ્ધનાથ મહાદેવ અને ઓમકારેશ્વર મહાદેવ મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. બપોરના સમયે અહીં યોજાયેલી વિશેષ આરતીમાં ભક્તોનો ભારે ધસારો રહ્યો હતો. મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવવા માટે અબાલ વૃદ્ધ સૌ ઉમટી પડ્યા હતા. પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે પણ અહીં નાવલી ચોક ખાતે આવેલ રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરે આવીને ભારે આસ્થા અને શ્રધ્ધા સાથે શિવપૂજા કરી હતી.દેવળા ગેઈટ ખાતે આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા ખાતે પ્રજાપિતા બ્રહ્મા કુમારીઝ આયોજિત ૯૦ મી ત્રિમૂર્તિ શિવ જયંતિનું આયોજન થયેલ જેમાં બિલીપત્રના શિવલિંગ દર્શન, વેલ્યુ ગેમ, મેડિટેશન માટે શાંતિ અનુભૂતિ કક્ષ અને પરમાત્મા સત્ય પરિચય દર્શાવતા આધ્યાત્મિક પ્રદર્શન દ્વારા શિવ દર્શનનું આધ્યાત્મિક ચિંતન કરતાં જોવા મળેલ.



# જાફરાબાદમાં ઘરની સુટકેસમાં રાખેલા સોનાના ચેન, મોબાઈલની ચોરી

**મામાએ ભાણેજ સામે ફરિયાદ નોંધાવી**

જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદમાં એક મામાએ તેની ભાણેજ સામે ઘરની સુટકેસમાં રાખેલા સોનાના ચેન અને મોબાઈલ ચોરીની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ હતી. અરવિંદભાઈ પોલાભાઈ સોલંકી (ઉ.વ.૩૫) એ ખુશીબેન રમેશભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની ભાણેજ આરોપી ખુશીબેન તેમની સાથે રહેતી હતી. તેણે તેમના ઘરમાં સુટકેસમાં રાખેલો સોનાનો ચેઈન રૂ.૧,૨૧,૯૪૨ તથા ઘર વપરાશનો ટેકનો કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂ.૧૧,૦૦૦ મળી કુલ રૂ.૧,૩૨,૯૪૨ ના મુદામાલની ચોરી કરી લઈ ગયો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.પી.ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયામાં હર હર ભોલેના નાદ સાથે મહાશિવરાત્રી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી: મંદિરોમાં ઉમટ્યો ભક્તોનો મહેરામણ

વડિયા,તા.૧૬

સમગ્ર દેશમાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રમાં ગિરનારના મીની કુંભ અને પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથના કારણે મહાશિવરાત્રીની વિશેષ ઉજવણી થાય છે, ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં પણ હર હર ભોલેના નાદ સાથે મહાશિવરાત્રી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

વડિયામાં આવેલા ૧૨ જેટલા શિવ મંદિરોમાં આ પાવન પર્વે વિશેષ શણગાર, મહાઆરતી અને ભાંગ સહિતના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના દર્શન અને પ્રસાદનો લાભ લેવા માટે શિવભક્તોનો મોટો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.



ખાસ કરીને વડિયાના બિલેશ્વર મહાદેવ, રામનાથ મહાદેવ, કંથડનાથ મહાદેવ, જડેશ્વર મહાદેવ અને સુરગેશ્વર મહાદેવ મંદિરોમાં બપોરે યોજાયેલી મહાઆરતીમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. આ તમામ શિવાલયો 'ૐ નમઃ શિવાય' અને 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. જેનાથી સમગ્ર વડિયા શિવરાત્રીની ઉજવણીમાં જાણે શિવમય બની ગયું હોય તેવો ભક્તિમય માહોલ સર્જાયો હતો.

# સાવરકુંડલામાં જૂના મનદુઃખમાં વેપારીને જાનથી મારવાની ધમકી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલામાં વેપારીને જૂના મનદુઃકમાં વેપારીને જાનથી મારવાની ધમકી આપવામાં આવ્યું હતું. ઢીકાપાટુનો માર પણ માર્યો હતો. આ અંગે હિતેષભાઈ અરવિંદભાઈ પંડયા (ઉ.વ.૪૭) એ અંકુર કારેલીયા, માહિર કાસમાણી અને બીજા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના મોટા બાપુજીના દિકરાના ફોનમાં તેના મિત્રએ ફોન કરી જેસર રોડ બાયપાસે બેસવા બોલાવ્યા હતા. અગાઉનું મનદુઃખ રાખી ત્યાં આરોપીઓએ જેમફાવે તેમ ગાળો આપી, શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત તેમને ઘરે વાત કરીશતો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ ગંગલ વધુ તપાસ કરી રહ્યા છે.

**પાલિકાએ રૂ.૪૯ લાખના ખર્ચે અદ્યતન સુવિધા સાથે નવીનીકરણ કર્યુ**

# બગસરાનો મેઘાણી ટાઉન હોલ મેઘાણી સાહિત્ય વર્તુળને સોંપી દેવાશે

બગસરા,તા.૧૬

બગસરા શહેરની મધ્યમાં આવેલો મેઘાણી ટાઉન હોલ હવે નવા રૂપરંગ સાથે અત્યાધુનિક સુવિધા સાથે તૈયાર થઈ રહ્યો છે. મેઘાણી ટાઉનહોલ હવે મેઘાણી સાહિત્ય વર્તુળને સોંપવાની નગરપાલિકાએ તૈયારી દર્શાવતા મેઘાણી સાહિત્ય વર્તુળે આ ટાઉનહોલ સંભાળવાની તૈયારી દર્શાવી છે. બગસરામાં શાકમાર્કેટ પાસે આવેલા મેઘાણી ટાઉનહોલનું નવીનીકરણ કરવામાં આવી રહ્યુ છે. આ બાબતે પાલિકા પ્રમુખ પ્રતિનિધ એ.વી.રીબડીયાએ જણાવ્યું હતું કે, રૂ.૪૯ લાખના ખર્ચે આ ટાઉનહોલમાં ઈકો સ્ટીક, લાઈટીંગ,સાઉન્ડ સીસ્ટમ તેમજ એસી સહિતની સુવિધાવાળો બનાવવામાં આવ્યો છે. ટાઉનહોલમાં એટેચ શૌચાલયવાળા ચાર કરતા વધારે રૂમ આવેલા છે. આખા ટાઉનહોલને રંગોરંગાન કરવામાં આવ્યો છે અને ૩૦૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તો પાલિકા સદસ્ય રાજુભાઈ ગીડાએ જણાવ્યું હતુ કે આ અત્યાધુનિક ટાઉનહોલમાં ધાર્મિક,સામાજિક પ્રસંગો,મીટીંગ, બિઝનેસ સેમિનાર તેમજ સંમેલન યોજી શકાય તેવી તમામ સુવિધા આપવામાં આવી છે. આ ટાઉનહોલની યોગ્ય રીતે સાર-સંભાળ થાય તે માટે મેઘાણી સાહિત્ય વર્તુળને સોંપવામાં આવશે અને આ બાબતે મેઘાણી સાહિત્ય વર્તુળે પણ ટાઉનહોલ સંભાળવવાની તૈયારી દર્શાવતા આગામી સમયમાં આ ટાઉનહોલ ખુલ્લો મુકવામાં આવશે.



# દામનગરની એમ.સી. મહેતા હાઈસ્કૂલ ખાતે યોગ શિબિરનું સુંદર આયોજન

**શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર યોગાભ્યાસ કર્યો**

અમરેલી,તા.૧૬

દામનગર નગરપાલિકા સંચાલિત એમ.સી. મહેતા હાઈસ્કૂલના પરિસરમાં તાજેતરમાં એક યોગ પ્રશિક્ષણ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સવારના આહલાદક અને શુદ્ધ વાતાવરણમાં યોજાયેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ જોડાઈને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ દર્શાવી હતી.આ શિબિરમાં વિશ્વવિખ્યાત વૈદ્ય દમણિયાના યોગ પ્રશિક્ષક ડાયાભાઈ બાંભણિયાએ ઉપસ્થિત રહીને સૌને વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને મુદ્રાઓનું સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ અમાસ
તા.૧૭-૦૨-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૪,
સૂર્યાસ્ત-૦૬:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૧૭-૦૨-૨૦૨૬ મંગળવાર

- મેષઃ આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે.
- વૃષભઃ કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો.
- મિથુનઃ ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.
- કર્કઃ કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.
- સિંહઃ ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.
- કન્યાઃ આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે.
- તુલાઃ આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે.
- વૃશ્ચિકઃ બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.
- ધન:કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.
- મકર:આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે.
- કુંભઃ જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.
- મીનઃ આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

# સા.કુંડલાના સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે મહાશિવરાત્રીની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૬

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલ સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે ભક્તિ, સેવા અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ રચાયો હતો. આશ્રમ પરિસરમાં પૂર્ણ આસ્થા અને ઉત્સાહ સાથે મોટી સંખ્યામાં શિવભક્તોની ઉપસ્થિતિમાં મહાશિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહાશિવરાત્રીના અવસરને માનવસેવામાં પરિવર્તિત કરવાના હેતુથી આશ્રમ કેમ્પસમાં ભાવનગર જિલ્લાના ટીંબી મુકામે આવેલી 'સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ'ના દર્દીઓના લાભાર્થે રક્તદાન મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહા રક્તદાન કેમ્પનો પ્રારંભ સ્વામી ભોલાનંદ સરસ્વતીજીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરાયો હતો. આ કેમ્પમાં ૩૫૦ બોટલ રક્ત એકત્રિત કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો હતો, જેમાં રક્તદાતાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.



# સાવરકુંડલામાં રોડ પર પડી ગયેલા મોબાઈલની ઉઠાંતરી

**કુલ રૂ.૨૦૯૯૯ની કિંમતના ફોનની અજાણ્યો ઇસમ ચોરી કરી ફરાર**

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલામાં રોડ પર પડી ગયેલા મોબાઈલની ઉઠાંતરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો. હીતેશભાઈ બટુકભાઈ ધમલ (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, તેઓ કોલેજ રોડેથી પંચવટી સોસાયટીમાં જતા હતા ત્યારે હોમગાર્ડ આફીસ પાસે પહોંચતા પહેરેલ જેકેટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો. રૂ.૨૦૯૯૯ની કિંમતના ફોનની અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એલ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૫૦/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. નાકરાણી અરવિંદભાઈ છગનભાઈ
રહે.કોળી વાળુ નાકુ, પટેલ વાડી પાસે, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલીકા કચેરી,
સાવરકુંડલા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના બહેન મુક્તાબેન છગનભાઈ નાકરાણીનો જન્મ તા.૦૫/૧૦/૧૯૭૪, ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૯/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ગાજીપરા રતિભાઈ નારણભાઈ
રહે.નિર્દોષાનંદ વાટીકા, મહુવા રોડ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલીકા કચેરી,
સાવરકુંડલા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની ભત્રીજી શિલ્પાબેન મધુભાઈ ગાજીપરાનો જન્મ તા.૨૬/૦૬/૧૯૮૧ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૭/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. દિલીપભાઈ મોહનભાઈ બાંભરોલીયા
રહે.૩,અભય સરદાર પટેલ સોસાયટી, જેસર રોડ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલીકા કચેરી,
સાવરકુંડલા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભત્રીજા નિકુંજકુમાર ભોળાભાઈ બાંભરોલીયાનો જન્મ તા.૧૨/૧૨/૧૯૭૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**તંત્રી લેખ**

# ભારતીય પાસપોર્ટનું રેન્કિંગ હવે પોઝિટિવ દિશામાં

વિશ્વમાં કોઈ દેશની આર્થિક અને રાજદ્વારી શક્તિનું મહત્વપૂર્ણ પ્રતીક માત્ર તેની કરન્સી, સૈન્ય શક્તિ અથવા ટેકનોલોજી જ નથી, પરંતુ તેનો પાસપોર્ટ પણ છે. કોઈ દેશનો પાસપોર્ટ તેના નાગરિકોને કેટલા દેશોમાં વિઝા વિના અથવા 'વિઝા ઓન અરાઈવલ'ની સુવિધા સાથે પ્રવેશ મળે છે તે દર્શાવે છે. આ દ્રષ્ટિએ દર વર્ષે પ્રકાશિત થતો **Henley & Partners** દ્વારા જાહેર કરવામાં આવતો **Henley Passprot Index** વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. આ ઈન્ડેક્સ વિશ્વના દેશોના પાસપોર્ટની તાકાતને માપે છે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસની સરળતાનું પ્રતિબિંબ રજૂ કરે છે. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ વિશ્વના લગભગ ૨૦૦ દેશોના પાસપોર્ટનું વિશ્લેષણ કરે છે. તે દેશોના નાગરિકોને કેટલા દેશોમાં વિઝા-ફ્રી અથવા વિઝા-ઓન-અરાઈવલ સુવિધા મળે છે તેના આધારે ક્રમ નક્કી થાય છે. કોઈ દેશનો પાસપોર્ટ જેટલા વધુ દેશોમાં સરળ પ્રવેશ આપે છે, તે દેશનું રેન્કિંગ એટલું ઊંચું હોય છે. આ સૂચકાંક વૈશ્વિક ગતિશીલતા, રાજદ્વારી સંબંધો અને આંતરરાષ્ટ્રીય વિશ્વાસનું પ્રતિનિધિત્વ કરે છે. તાજેતરની રેન્કિંગ મુજબ ભારતના પાસપોર્ટને નોંધપાત્ર સુધારો મળ્યો છે. ભારતે દસ સ્થાનની છલાંગ લગાવીને ૮૫મા ક્રમેથી ૭૫મા ક્રમે સ્થાન મેળવ્યું છે. જાન્યુઆરી ૨૦૨૬માં ભારત ૮૦મા સ્થાને હતું, પરંતુ ફેબ્રુઆરીમાં વધુ સુધારો નોંધાયો. હવે ભારતીય પાસપોર્ટ ધરાવતા નાગરિકોને ૫૬ દેશોમાં વિઝા વિના અથવા વિઝા-ઓન-અરાઈવલ સુવિધા સાથે પ્રવાસ કરવાની મંજૂરી મળે છે. ગયા વર્ષે આ સંખ્યા ૫૭ હતી, એટલે વિઝા-ફ્રી દેશોની સંખ્યામાં થોડો ઘટાડો થયો હોવા છતાં કુલ રેન્કિંગમાં સુધારો નોંધાયો છે. ભારતનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ ક્રમ ૨૦૦૬માં ૭૧મો રહ્યો હતો, જે દર્શાવે છે કે ભારત લાંબા ગાળે વૈશ્વિક સ્તરે પોતાની સ્થિતિ મજબૂત બનાવવા પ્રયત્નશીલ રહ્યું છે. ભારતીય પાસપોર્ટના રેન્કિંગમાં થયેલો આ સુધારો માત્ર આંકડાકીય સફળતા નથી, પરંતુ તે ભારતની વધતી આર્થિક શક્તિ, રાજદ્વારી સક્રિયતા અને વિશ્વવ્યાપી વિશ્વસનીયતાનું પ્રતિબિંબ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે વિવિધ દેશો સાથે વ્યૂહાત્મક ભાગીદારી, વેપાર કરારો અને સાંસ્કૃતિક સહકાર વધાર્યો છે. આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની ભૂમિકા વધુ મજબૂત બની રહી છે, જેના પરિણામે પ્રવાસ સુવિધાઓમાં પણ સુધારો જોવા મળે છે. વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, વેપારીઓ અને પ્રવાસીઓ માટે આ સકારાત્મક વિકાસ છે, કારણ કે તે વૈશ્વિક અવસરોએ પહોંચવાનું વધુ સરળ બનાવે છે. વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની વાત કરીએ તો ૨૦૨૬ની યાદીમાં સિંગાપોર પ્રથમ સ્થાને છે. સિંગાપોરના પાસપોર્ટ સાથે ૧૯૨ દેશોમાં વિઝા-ફ્રી પ્રવેશ મળે છે, જે તેને વૈશ્વિક ગતિશીલતામાં અગ્રેસર બનાવે છે. બીજા સ્થાને જાપાન અને સાઉથ કોરિયા છે, જ્યાંના નાગરિકોને ૧૮૭ દેશોમાં વિઝા વિના પ્રવેશ મળે છે. યુરોપીય દેશો પણ આ યાદીમાં આગળ છે. સ્વીડન અને યુનાઈટેડ આરબ અમિરાતના નાગરિકોને ૧૮૬ દેશોમાં વિઝા-ફ્રી સુવિધા પ્રાપ્ત છે. યુનાઈટેડ સ્ટેટના પાસપોર્ટ સાથે ૧૭૯ દેશોમાં વિઝા વિના પ્રવેશ મળે છે, જે તેને પણ મજબૂત સ્થાન આપે છે.

# ઈરાન-અમેરિકા સંબંધો : તણાવ, અવિશ્વાસ અને રાજદ્વારી ગતિશીલતાનો ઈતિહાસ


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વીસમી સદીના મધ્યભાગથી વૈશ્વિક રાજકારણના મંચ પર ઈરાન અને અમેરિકા વચ્ચેના સંબંધોએ એક જટિલ અને ઘણીવાર વિનાશક વાર્તા લખી છે. મૈત્રી અને વ્યૂહાત્મક જોડાણના દાયકાઓએ ઝડપથી ઊંડી દુશ્મનાવટ, પરસ્પર અવિશ્વાસ અને છૂપા મુકાબલાને માર્ગ આપ્યો. આ સંબંધોનો માર્ગ સીધો નથી, પરંતુ તીવ્ર ઉતાર-ચઢાવ, ગુપ્ત વાટાઘાટો અને જાહેર તિરસ્કારથી ભરેલો છે, જેણે આજે પણ મધ્ય પૂર્વના ભાવિને આકાર આપવાનું ચાલુ રાખ્યું છે. આધુનિક સંબંધોનો પાયો એક નિર્ણાયક ઘટના સાથે નંખાયો હતો, જ્યારે કેન્દ્રીય ગુપ્તચર એજન્સી, બ્રિટિશ ગુપ્તચરોની મદદથી, ઈરાનના લોકપ્રિય અને લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા વડા પ્રધાન મોહમ્મદ મોસદ્દેકને ઉથલાવી પાડવા માટે એક સફળ બળવો કર્યો હતો. મોસદ્દેકનો ગુનો ઈરાનની તેલ સંપત્તિનું રાષ્ટ્રીયકરણ કરવાનો હતો, જે અગાઉ એંગ્લો-ઈરાનિયન ઓઈલ કંપનીના નિયંત્રણ હેઠળ હતી. આ બળવો, શીત યુદ્ધના તણાવ અને સોવિયેત સંઘના પ્રભાવને રોકવાની ચિંતાઓને કારણે હાથ ધરવામાં આવ્યો હતો, જેણે શાહ મોહમ્મદ રેઝા પહલવીને સંપૂર્ણ સત્તા પર પુનઃસ્થાપિત કર્યા. શાહનું શાસન, જોકે અમેરિકાની નજરમાં આધુનિકીકરણ અને મજબૂત જોડાણ દ્વારા ચિહ્નિત થયેલું હતું, તે ઘણા ઈરાનીઓ દ્વારા ભ્રષ્ટ, અત્યાચારી અને વિદેશી હિતોની કઠપૂતળી તરીકે જોવામાં આવતું હતું. આગામી બે દાયકાઓમાં, અમેરિકાએ શાહને ભારપૂર્વક ટેકો આપ્યો, તેમને લશ્કરી અને આર્થિક સહાય પૂરી પાડી, અને પરમાણુ ઊર્જાના નાગરિક ઉપયોગ માટે સહકાર કરાર પર હસ્તાક્ષર કર્યા, જે શાંતિ માટે પરમાણુ કાર્યક્રમનો એક ભાગ હતો. આ જોડાણ અમેરિકન દ્રષ્ટિકોણથી સફળ રહ્યું હતું, પરંતુ તે સમયની અમેરિકન કાર્યવાહીનું વિષબીજ ઈરાનીઓના સામૂહિક સ્મૃતિમાં ઊંડે સુધી વણાઈ ગયું હતું, જે આગામી પેઢીઓ માટે અમેરિકા પ્રત્યેના અવિશ્વાસને ઉત્તેજન આપશે. આ અવિશ્વાસ ઈરાની ક્રાંતિ સાથે વિસ્ફોટક દુશ્મનાવટમાં ફેરવાઈ ગયો. મહિનાઓની વધતી જતી નાગરિક અશાંતિ પછી, શાહને દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી, અને ગ્રાન્ડ આયાતુલ્લાહ રૂહુલ્લાહ ખોમેની, એક કટ્ટરપંથી ધાર્મિક નેતા જેમણે ઈરાનના પશ્ચિમીકરણનો વિરોધ કર્યો હતો, લાંબા દેશનિકાલમાંથી પાછા ફર્યા. ખોમેનીએ ઝડપથી એક નવા ઈસ્લામિક પ્રજાસત્તાકની સ્થાપના કરી, જેણે અમેરિકા સાથેના સંબંધોને સંપૂર્ણપણે બદલી નાખ્યા. તે જ વર્ષે નવેમ્બરમાં, આમૂલ વિદ્યાર્થીઓના એક જૂથે તેહરાનમાં અમેરિકન દૂતાવાસ પર હુમલો કર્યો અને ડિપ્લોમેટ્સ અને નાગરિક કર્મચારીઓ સહિતના અમેરિકન નાગરિકોને બંધક બનાવી લીધા. હુમલાખોરો શાહના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યા હતા, જે તે સમયે કેન્સરની સારવાર માટે અમેરિકામાં હતા. લગભગ દોઢ વર્ષથી પણ વધુ સમય ચાલેલી આ બંધક કટોકટી, આધુનિક ઈતિહાસની સૌથી લાંબી આવી ઘટના બની, જેણે બે દેશો વચ્ચેના સંબંધોને કાયમ માટે ઝેરીલા બનાવી દીધા. વોશિંગ્ટને તુરંત જ તેહરાન સાથે રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા અને આર્થિક પ્રતિબંધો લાદ્યા, જે આજે પણ



આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૪/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. રસીભાઈ ગોવિંદભાઈ રામાણી
રહે.રામાણી વાડી, રામાણી નગર ૧, બ્રાહ્મણ સોસાયટી,
નવા પાણીના ટાકા સામે, અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા,
તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રસીભાઈ ગોવિંદભાઈ રામાણીનો જન્મ તા.૧૬/૦૮/૧૯૬૪ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.


વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ઉત્તર ભારતમાં હવામાનનો પલટો: પશ્ચિમી વિક્ષેપને કારણે વરસાદ અને હિમવર્ષાની આગાહી

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય હવામાન વિભાગ (IMD) એ પશ્ચિમી વિક્ષેપ (Western Disturbance)ના પ્રભાવ હેઠળ ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. આગામી ૧૭ અને ૧૮ ફેબ્રુઆરી દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં છૂટાછવાયા વરસાદ સાથે હિમવર્ષા થવાની સંભાવના છે. આ સિવાય, રાજસ્થાન અને ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં પણ હળવો વરસાદ અને તેજ પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગના



જણાવ્યા અનુસાર, હિમાલયના પહાડી વિસ્તારોમાં થનારી બરફવર્ષાની સીધી અસર દિલ્હી-NCR અને ઉત્તર પ્રદેશમાં પણ જોવા મળશે. હાલમાં આ વિસ્તારોમાં તાપમાન વધી રહ્યું છે, પરંતુ વરસાદ અને ઠંડા પવનોને કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. આગામી ત્રણ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થયા બાદ ફરી ઘટાડો નોંધાશે. બીજી તરફ, મહારાષ્ટ્રમાં તાપમાન સ્થિર રહેશે, જ્યારે કોંકણ, ગોવા અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજવાળી ગરમી અનુભવાશે. દિલ્હીમાં રવિવારે મહત્તમ તાપમાન ૨૮.૫ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૪ ડિગ્રી વધુ છે. આંદામાન-નિકોબારમાં પણ વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

# ચીનમાં ચંદ્ર નવા વર્ષની ઉજવણી પૂર્વે ફટાકડાની દુકાનમાં વિસ્ફોટ થતા ૮ લોકોના કરુણ મોત

બેઈજિંગ, તા.૧૬

ચીનમાં 'ચંદ્ર નવા વર્ષ' (વસંત ઉત્સવ) ની ઉજવણીની તૈયારીઓ વચ્ચે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. પૂર્વી ચીનના જિઆંગસુ પ્રાંતના એક ગામમાં ફટાકડાની દુકાનમાં થયેલા ભયાનક વિસ્ફોટ અને આગમાં આઠ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય બે લોકો દાઝી ગયા છે. સ્થાનિક સરકારના જણાવ્યા અનુસાર, દુકાન પાસે



એક વ્યક્તિ દ્વારા અયોગ્ય રીતે ફટાકડા ફોડવામાં આવતા આ અકસ્માત સર્જાયો હતો. ચીનમાં ચંદ્ર નવું વર્ષ સૌથી મહત્વનો તહેવાર છે, જેમાં ફટાકડા ફોડવાની જૂની પરંપરા છે. પ્રદૂષણને કારણે અનેક સ્થળે પ્રતિબંધ હોવા છતાં, તાજેતરમાં નિયમોમાં મળેલી છૂટછાટને લીધે ફટાકડાનું વેચાણ વધ્યું છે. આ ઘટના બાદ ચીનના કટોકટી વ્યવસ્થાપન મંત્રાલયે કડક સૂચનાઓ જારી કરી છે. મંત્રાલયે તમામ પ્રદેશોને ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ પર કડક દેખરેખ રાખવા આદેશ આપ્યો છે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ રોકી શકાય. મંત્રાલયે જનતાને સલામત રીતે ઉત્સવ ઉજવવા અને દુકાનોની આસપાસ ફટાકડા ન ફોડવા અપીલ કરી છે.

# સુપ્રીમ કોર્ટનો સીએમ હિમંત બિસ્વા વિરુદ્ધની અરજી પર સુનાવણીનો ઇનકાર

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો છે. સીજેઆઈ (CJI) સૂર્યકાંતની બેન્ચે સ્પષ્ટતા કરી કે સુપ્રીમ કોર્ટ કોઈપણ મામલાના ઉકેલ માટે 'રમતનું મેદાન' નથી અને અરજદારને હાઈકોર્ટમાં જવા સલાહ આપી હતી. સીપીઆઈ નેતા એની રાજા દ્વારા દાખલ આ અરજીમાં મુખ્યમંત્રી પર મુસ્લિમ સમુદાય વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણીઓ અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો બદલ એફઆઈઆર (FIR) નોંધવાની માંગ કરવામાં આવી હતી. વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે આ નિવેદનો અનેક રાજ્યોમાં આપવામાં આવ્યા છે. જોકે, સુપ્રીમ કોર્ટે ગુવાહાટી હાઈકોર્ટને આ મામલે યોગ્યતાના આધારે તાત્કાલિક સુનાવણી કરવા નિર્દેશ આપ્યો છે. હવે આ કેસની આગામી કાનૂની કાર્યવાહી હાઈકોર્ટમાં ચાલશે.

# કર્ણાટકના આઈટી મંત્રી પ્રિયાંક ખડગેના આરએસએસ પર પ્રહાર: સંગઠનને 'શેતાન' અને ભાજપને 'પડછાયો' ગણાવ્યો

બેંગ્લુરૂ, તા.૧૬

કર્ણાટકના આઈટી મંત્રી પ્રિયાંક ખડગેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ભાજપ પર આકરા પ્રહારો કરતા વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે આરએસએસની તુલના 'શેતાન' સાથે કરી અને ભાજપને તેનો 'પડછાયો' ગણાવ્યો હતો. ખડગેએ કહ્યું કે, જો આપણે દેશની સ્થિતિ સુધારવી હોય તો ભાજપ સામે લડવાને બદલે તેની વૈચારિક શક્તિ એવા આરએસએસ સામે સીધી લડત આપવી જોઈએ. ખડગેએ આરએસએસ પર નાણાકીય



અનિયમિતતા અને 'મની લોન્ડરિંગ' ના ગંભીર આરોપો પણ લગાવ્યા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો કે સંગઠન પાસે રહેલા ૨,૫૦૦ થી વધુ પેટા-સંગઠનો અને વિદેશી ભંડોળના સ્ત્રોત શું છે? તેમણે માંગ કરી હતી કે સામાન્ય નાગરિકોની જેમ આરએસએસ પર પણ દેશના કાયદાકીય અને બંધારણીય નિયમો સમાન રીતે લાગુ થવા જોઈએ. વધુમાં તેમણે વચન આપ્યું કે આગામી સમયમાં કાયદાકીય પ્રક્રિયા દ્વારા આ સંગઠનનું રજિસ્ટ્રેશન કરાવવાની ફરજ પાડવામાં આવશે. ખડગેએ ભારપૂર્વક જણાવ્યું કે કોઈપણ સાંપ્રદાયિક શક્તિ, પછી તે આરએસએસ હોય કે એસડીપીઆઈ (SDPI), તેમને રોકવા માટે મક્કમ રાજકીય ઈચ્છાશક્તિની જરૂર છે.

# બાંગ્લાદેશમાં તારિક રહેમાનના નવા મંત્રીમંડળમાં હિન્દુ નેતા ગોયેશ્વર ચંદ્ર રોયનો સમાવેશ નિશ્ચિત

નવી દિલ્હી, તા.૧૬

બાંગ્લાદેશમાં તારિક રહેમાનની આગેવાની હેઠળની નવી સરકારમાં લઘુમતી સમુદાયને પ્રતિનિધિત્વ આપવાની તૈયારીઓ ચાલી રહી છે. BNPના શક્તિશાળી નેતા અને નીતિ-નિર્માણ સમિતિના વડા ગોયેશ્વર ચંદ્ર રોયને નવા મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. આ વખતે BNPના પ્રતીક પર માત્ર બે હિન્દુ ઉમેદવારો જીત્યા છે, જેમાં રોયનું કદ સૌથી ઊંચું છે. અહેવાલ મુજબ, ૪૦ સભ્યોના મંત્રીમંડળમાં મિર્ઝા ફખરુલ ઈસ્લામ અને સલાહુદ્દીન ચૌધરી જેવા અનુભવી નેતાઓ સાથે કેટલાક નવા ચહેરાઓનો પણ સમાવેશ થશે. ગોયેશ્વર રોય ૧૯૭૮થી BNP સાથે જોડાયેલા છે અને ખાલિદા ઝિયાની સરકારમાં પણ મંત્રી રહી ચૂક્યા છે. તારિક રહેમાને તમામ સમુદાયોની ભાગીદારી સાથે દેશના વિકાસની હિમાયત કરી છે, જે અંતર્ગત આ નિર્ણય લેવાઈ રહ્યો છે.

# મહારાષ્ટ્રમાં એટીએસના ૨૧ સ્થળોએ દરોડા : આતંકવાદી ગતિવિધિના શંકાસ્પદ ૧૪ યુવાનોની કરાઈ અટકાયત

મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્રમાં આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ ગુપ્ત માહિતીના આધારે મોટી કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યના યવતમાળ અને અહિલ્યાનગર (અહમદનગર) જિલ્લામાં ૨૧ સ્થળોએ મધ્યરાત્રિએ દરોડા પાડીને ૧૪ શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી છે. એટીએસને બાતમી મળી હતી કે કેટલાક યુવાનો પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના સંપર્કમાં છે અને તેમને કટ્ટરપંથી બનાવી સક્રિય કરવાના




પ્રયાસો થઈ રહ્યા છે. એટીએસની ટીમે યવતમાળના પુસાદ અને ઉમરખેડમાં ૧૪ સ્થળોએ તથા અહિલ્યાનગરમાં ૭ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરોડા દરમિયાન ઘરો અને ઓફિસોમાંથી મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા મુજબ, અટકાયત કરાયેલા શંકાસ્પદોની હાલ સઘન પૂછપરછ ચાલી રહી છે, જોકે હજુ સુધી સત્તાવાર રીતે કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ ઓપરેશનમાં મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો અને સીસીટીવી ફૂટેજની પણ ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે.

# વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ: ગ્રહોની શક્તિ નબળી પડતા પર્યાવરણ પર ગંભીર ખતરો ઉભો થશે

નવી દિલ્હી, તા.૧૬

આજે૧૭ ફેબ્રુઆરીએ કુંભ રાશિમાં વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ થવા જઈ રહ્યું છે. ધાર્મિક અને જ્યોતિષીય દ્રષ્ટિએ ગ્રહણને શુભ માનવામાં આવતું નથી, કારણ કે આ સમયે ગ્રહોની શક્તિ નબળી પડતા પર્યાવરણ અને માનવ જીવન પર નકારાત્મક અસરો પડે છે. ગ્રહણના સમયે સૂર્ય ભગવાનના મંત્રો જેવા કે "ઓમ ઘૃણિ સૂર્યાય નમઃ" તેમજ



ગાયત્રી મંત્ર કે મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો અત્યંત લાભદાયી રહે છે. નકારાત્મકતા ટાળવા માટે અન્ન અને પાણીના પાત્રોમાં તુલસીના પાન મૂકવા જોઈએ. ગ્રહણ પૂર્ણ થયા બાદ આખા ઘરમાં ગંગાજળનો છંટકાવ કરવો અને સ્નાન કર્યા પછી ગાયને ઘાસ ખવડાવવું કે દાન કરવું શુભ માનવામાં આવે છે. ગ્રહણ દરમિયાન સીધા સૂર્ય સામે જોવાનું ટાળવું જોઈએ અને બિનજરૂરી ઘરની બહાર નીકળવું નહીં. આ સમયે રસોઈ બનાવવી, જમવું કે મૂર્તિ પૂજા કરવી નિષેધ છે. ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓએ કાપવા, છોલવા કે સોય-દોરાના કામથી દૂર રહેવું જોઈએ.

**શ્રી ઠાંસા પ્રાથમિક શાળા, ઠાંસા**

તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર હરરાજી ::-**

શ્રી ઠાંસા પ્રાથમિક શાળા ઠાંસા તા.લાઠી, જિ.અમરેલીના ૦૧ (એક) જર્જરિત પાકા મ.ભ.યો. ઓરડાના ઉભા ઈમલાની જાહેર હરરાજી તા. ૧૯-૦૨-૨૦૨૬ને ગુરૂવાર ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શ્રી ઠાંસા પ્રાથમિક શાળા, ઠાંસા, તા.લાઠી, જિ. અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા વ્યકિત કે પાર્ટીએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. જર્જરિત મ.ભ.યો. ઓરડાની અપસેટ કિંમત રૂા. ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) છે. માલસામાન લઈ જઈ તળીયું સાફ, સમથળ કરી આપવાનું રહેશે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) ભરવાની રહેશે. હરરાજીની શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે રૂબરૂ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્યશ્રી
શ્રી ઠાંસા પ્રાથમિક શાળા,
તા.લાઠી, જી. અમરેલી

અધ્યક્ષશ્રી
એસ.એમ.સી.
શ્રી ઠાંસા પ્રાથમિક શાળા,

# તમિલનાડુ ચૂંટણી ૨૦૨૬: ડીએમકે-કોંગ્રેસ ગઠબંધનમાં તિરાડ હોવાનો ભાજપનો દાવો

ચેન્નાઈ, તા.૧૬

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા શાસક ડીએમકે (DMK) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈ વિવાદ વકર્યો છે. ભાજપ પ્રવક્તા એ.એન.એસ. પ્રસાદે દાવો કર્યો છે કે, કોંગ્રેસે ૪૫ બેઠકો અને સરકારમાં ભાગીદારીની માંગણી કરતા ગઠબંધનમાં તણાવ વધ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન હાલ રાહુલ ગાંધીના દબાણ હેઠળ છે. બીજી તરફ, કોંગ્રેસ નેતૃત્વ બિહાર જેવી સ્થિતિ ટાળવા માટે વહેલી તકે બેઠકોની સમજૂતી ઈચ્છે છે. ભાજપે રાજ્ય સરકારની મહિલાલક્ષી રોકડ યોજનાને ચૂંટણીલક્ષી ગતકડું ગણાવી છે. પ્રસાદના જણાવ્યા મુજબ, પીએમ મોદીની લોકપ્રિયતા અને 'ડબલ એન્જિન' સરકારના મજબૂત સંકલ્પ સામે વિપક્ષી ગઠબંધન નબળું પડી રહ્યું છે. આગામી સમયમાં આ રાજકીય ખેંચતાણ વધુ તીવ્ર બનવાના સંકેત છે.

# ભારત રશિયા પાસેથી વધારાનું તેલ નહીં ખરીદે: અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોનો દાવો

વોશિંગ્ટન, તા.૧૬

અમેરિકા અને ભારત વચ્ચે થયેલા તાજેતરના વેપાર કરાર બાદ રશિયન તેલની ખરીદી મુદ્દે ચર્ચાઓ તેજ બની છે. યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયોએ મ્યુનિક સુરક્ષા પરિષદમાં દાવો કર્યો છે કે, ભારતે વોશિંગ્ટનને ખાતરી આપી છે કે તે રશિયા પાસેથી વધારાનું તેલ ખરીદશે નહીં. અગાઉ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સંકેત આપ્યો હતો કે ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી મર્યાદિત કરવા સંમત થયું છે, જેના બદલામાં અમેરિકાએ ભારત પરના વધારાના ૨૫ ટકા ટેરિફ પાછા



ખેંચ્યા છે. બીજી તરફ, ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ રાખ્યું છે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું કે ભારતની ઉર્જા નીતિ રાષ્ટ્રીય હિતો અને પુરવઠાના વૈવિધ્યીકરણ પર આધારિત છે. ભારત તેની ઉર્જા સુરક્ષા અને બજારમાં સ્થિરતા જાળવવા માટે કોઈ એક દેશ પર નિર્ભર રહેવાને બદલે વિવિધ સ્ત્રોતો જાળવી રાખવા કટિબદ્ધ છે.

**CHANGE OF NAME**

I Undersing I KHANESHA CHANDRESHBHAI BALUBHAI have changed my name from KHANESA CHNADRESH BALUBHAI To KHANESHA CHANDRESHBHAI BALUBHAI (New) Now i will be known as KHANESHA CHANDRESHBHAI BALUBHAI (new)
Sing : KHANESHA CHANDRESHBHAI BALUBHAI
Address: B-NO-50,KHODAL KRUPA, OMNAGAR-3, OPP VIVEK VIDHYALAY, VARASAD ROAD,AT-AMRELI, DIST-AMRELI-365601 GUJARAT INDIA

# યુપીમાં રાજકીય ગરમાવો : સપા-બસપાના સંબંધો મજબૂત થવાના અખિલેશ યાદવના સંકેત

લખનૌ, તા.૧૬

ઉત્તર પ્રદેશમાં રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા છે. પૂર્વ મંત્રી નસીમુદ્દીન સિદ્દીકી સહિત ૧૫,૦૦૦ કાર્યકરો સમાજવાદી પાર્ટીમાં જોડાતા અખિલેશ યાદવે 'PDA' (પછાત, દલિત, અલ્પસંખ્યક) ગઠબંધનને સામાજિક એકતાની મોટી સિદ્ધિ ગણાવી છે. અખિલેશે જણાવ્યું કે બાબા સાહેબ આંબેડકર અને રામ મનોહર લોહિયાના અધૂરા સપનાને પૂર્ણ કરવા સપા અને બસપા વચ્ચેના સંબંધો ભવિષ્યમાં વધુ ગાઢ બનશે. નસીમુદ્દીન સિદ્દીકીએ ૨૦૨૭માં અખિલેશ યાદવને મુખ્યમંત્રી બનાવવાનો સંકલ્પ જાહેર કરતા વર્તમાન સરકારની 'બુલડોઝર નીતિ' પર આકરા પ્રહાર કર્યા હતા. અખિલેશ યાદવે ૧૯૯૩ અને ૨૦૧૯ના ગઠબંધનનો ઉલ્લેખ કરતા આશા વ્યક્ત કરી કે આગામી સમયમાં આ જોડાણ ભાજપ સામે મજબૂત વિકલ્પ બનશે અને રાજ્યમાં સત્તા પરિવર્તન થશે. હોળી નિમિત્તે 'PDA હોળી મિલન' દ્વારા ભાઈચારો વધારવાનો પણ તેમણે નિર્ધાર કર્યો છે.

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૧૧/૨૦૨૬

શ્રી ભાવનાબેન કેશુભાઈ મેર (વા/ઓફ હિરજીભાઈ ઉર્ફે હીરાભાઈ લાલકીયા),
રહે.નવા વાઘણીયા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
હાલ સાસરે રહે. હરીપર, તા. જેતપુર, જી.અમરેલી ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - નવા વાઘણીયા (છોડવડી)
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ભાવનાબેન કેશુભાઈ મેર (વા/ઓફ હિરજીભાઈ ઉર્ફે હીરાભાઈ લાલકીયા)નો જન્મ તા.૦૮/૦૫/૧૯૭૨ના રોજ ગામ/મોજેઃ નવા વાઘણીયા (છોડવડી), તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - નવા વાઘણીયા (છોડવડી), તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : જાન્યુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ-નં. /2026

પ્રતિ,
શ્રી બીબીબેન હારુન સોઢા,
રહે.નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, કે.કે.ગોહીલ,ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ હારુન મુસા સોઢા તથા બીબીબેન હારુન સોઢાના પુત્ર ઈરફન હારુન સોઢાનો જન્મ તા.11/06/1985 ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત નવાબંદર, તા. ઉના સને-1985 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ-નં.34/2026

પ્રતિ,
શ્રી શકીના યુસુબ આરબ,
રહે.નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, કે.કે.ગોહીલ,ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ યુસુફ હુસેન આરબ તથા શકીના યુસુફ આરબના પુત્રી ફરીદા યુસુફ આરબનો જન્મ તા.08/10/1990 ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત નવાબંદર, તા. ઉના સને-1990 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# અમરેલી જિલ્લામાં બે સ્થળ પર વન્યપ્રાણીઓનો હુમલો : એકનું મોત

## ધારીના ગોવિંદપુર ગામે વાડીવિસ્તારમાં મહિલા પર સિંહણે હુમલો કરતા મોત

### મહિલા હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ દમ તોડ્યો

ધારી,તા.૧૬

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગોવિંદપુર ગામેથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં વાડી વિસ્તારમાં આંબાનો ઈજારો રાખી મજૂરી કામ કરતા ચલાલાના ૪૫ વર્ષીય મંજુલાબેન દિનેશભાઈ સોલંકી પર એક સિંહણે જીવલેણ હુમલો કર્યો હતો.બપોરના આશરે ૩:૩૦ વાગ્યાના અરસામાં, જ્યારે મંજુલાબેન વાડીમાં કાર્યરત હતા, ત્યારે સિંહણે અચાનક તેમના પર હુમલો કર્યો હતો. આસપાસના લોકોએ તાત્કાલિક દોડી આવી હોબાળો મચાવતા સિંહણ ત્યાંથી ભાગી છૂટી હતી. ગંભીર રીતે ઘાયલ મંજુલાબેનને ત્વરિત સારવાર માટે ધારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ રસ્તામાં તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ વન વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સિંહણને પાંજરે પૂરવા કાર્યવાહી હાથ ધરી હતી અને ગણતરીના કલાકોમાં જ સિંહણ પાંજરે પુરાણી હતી. આ બનાવથી સમગ્ર પંથકમાં ભય અને અરેરાટી વ્યાપી ગઈ છે.


તસવીર : સંજય વાળા

## અમરેલીના પીઠવાજાળ ગામના વાડી વિસ્તારમાં બાળકી પર દિપડાનો હુમલો

### બાળકીને ઈજા થતા તાત્કાલિક અમરેલી સારવાર માટે ખસેડવામાં આવી

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીના હુમલામાં વધારો થતો જાય છે. ધારીના ગોવિંદપુર ગામે સિંહણે મહીલા પર હુમલો કરતા મોતને ઘાટ ઉતારી હતી ત્યાં સોમવારે અમરેલીના પીઠવાજાળ ગામે દિપડાએ બાળકી પર હુમલો કરતા સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો હતો. અમરેલીના પીઠવાજાળ ગામે આવેલી મુળુભાઈ વાળાની વાડીએ શ્રમિક છોટુભાઈ વાસ્કેરની દિકરી પૂર્વી(ઉ.વ.૪) સહિત પાંચ બાળકો રમતા હતા ત્યારે અચાનક ત્યાં દિપડો ધસી આવ્યો હતો. અને વાડીમાં રમી રહેલા બાળકો પૈકી પૂર્વી પર દિપડાએ હુમલો કરતા પરિવારે રાડારાડ કરતા દિપડો બાળકીને છોડી નાસી ગયો હતો. બાળકીને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક અમરેલી સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પીઠવાજાળ ગામે દિપડાએ હુમલો કર્યાની ઘટના વાયુવેગે પ્રસરી જતા ખેડૂતો અને શ્રમિકોમાં ભયનો માહોલ છવાયો છે. આ ઘટનાની જાણ થતા તાત્કાલિક વનવિભાગને જાણ કરવામાં આવતા વનવિભાગ દોડી આવ્યો હતો.



## વિકાસ માટે વિધાનસભામાં એકમતિનું આહ્વાન, ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અપીલ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભાનું ૩૮ દિવસીય બજેટ સત્ર રાજ્યપાલના સંબોધન સાથે ઔપચારિક રીતે શરૂ થયું. રાજ્યના વિકાસ, નાગરિકોના હિત અને નવી યોજનાઓને કેન્દ્રમાં રાખીને આ સત્રને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામ રાજકીય પક્ષોને રાજકીય ટીકા-ટિપ્પણીથી ઉપર આવી રચનાત્મક ચર્ચા કરવા અપીલ કરી. તેમણે કહ્યું કે ધારાસભ્યો પોતાના મતવિસ્તારના પ્રશ્નો, સૂચનો અને જનતાની માંગણીઓ વિધાનસભામાં પ્રસ્તુત કરે જેથી વિકાસનો લાભ દરેક નાગરિક સુધી પહોંચે. સત્ર દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોજગાર, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ નિર્ણયો લેવાય તેવી શક્યતા છે.

## સુરતમાં ગોટી ગેંગનો આતંક : મૂળ ધારગણીના ટ્રાવેલ્સ સંચાલકને રિવોલ્વર બતાવી ધમકી આપી

સુરત,તા.૧૬

સુરતના ઉત્રાણના વીઆઈપી સર્કલ પાસે સિલ્વર પેલેસમાં રહેતા અને મૂળ અમરેલીના ધારી તાલુકાના ધારગણી ગામના વતની મુકેશભાઈ ગજેરા સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. વર્ષ ૨૦૨૧માં કોરોના કાળ દરમિયાન મુકેશભાઈ પાસેથી ચિરાગ ગોટીએ રૂ.૧૮.૭૫ લાખ અને યુવરાજ જાદવે રૂ.૧ લાખ ઉછીના લીધા હતા. એક અઠવાડિયામાં નાણાં પરત કરવાનો વાયદો કરી બંને શખ્સોએ પોતાની અસલી વૃત્તિ બતાવી હતી.જ્યારે



મુકેશભાઈએ પોતાના નાણાંની ઉઘરાણી કરી, ત્યારે આરોપીઓએ એલફેલ ભાષામાં ગાળાગાળી કરી હતી. એટલું જ નહીં, ચિરાગ ગોટી, નિરાંત અને યુવરાજે મુકેશભાઈના ઘરે ધસી જઈ હંગામો મચાવ્યો હતો. ચિરાગે રિવોલ્વર તાકીને ''આ કોઈની સગી નહીં થાય'' કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આણંદમાં સ્પાની આડમાં દેહવ્યાપાર રેકેટના થયો ભંડાફોડ, ૧૧ થાઈ યુવતીઓ સહિત ૧૪ ઝડપાયા

આણંદ, તા. ૧૬

શહેરમાં સ્પાની આડમાં ચાલી રહેલા દેહવ્યાપારના ગેરકાયદેસર કારોબાર પર આણંદ SOGએ દરોડા પાડી મોટા રેકેટનો ભંડાફોડ કર્યો છે. બાતમીના આધારે પોશ વિસ્તારમાં આવેલા 'નાના થાઈ સ્પા' તથા ગોવર્ધન એપાર્ટમેન્ટના ત્રણ ફ્લેટમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. કાર્યવાહી દરમિયાન કુલ ૧૪ યુવતીઓની અટકાયત કરવામાં આવી, જેમાંથી ૧૧ થાઈલેન્ડની અને ૩ ભારતના અલગ-અલગ રાજ્યોની હોવાનું બહાર આવ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ, યુવતીઓને આણંદ અને પેટલાદ વિસ્તારમાં આવેલા ચાર સ્પામાં કામ માટે લાવવામાં આવી હતી.

## મહાશિવરાત્રિના મેળામાં કીર્તિ પટેલે મૃગીકુંડમાં સ્નાન કરી પોલીસ સાથે ઘર્ષણ કર્યું

જૂનાગઢ,તા.૧૬

જૂનાગઢના ભવનાથમાં આયોજિત મહાશિવરાત્રિના મેળાના અંતિમ દિવસે કીર્તિ પટેલે ગંભીર વિવાદ છેડ્યો છે. સાધુ-સંતો માટે અનામત રાખવામાં આવેલા પવિત્ર મૃગીકુંડમાં શાહી સ્નાન સમયે કીર્તિ પટેલ ભગવો ધારણ કરી અંદર ઘૂસી ગઈ હતી. પરંપરા મુજબ આ સમયે માત્ર સાધુઓને જ સ્નાનની મંજૂરી હોય



છે. આ ઘટનાની જાણ થતાં તંત્રએ તેને તાત્કાલિક ત્યાંથી દૂર કરી હતી. પ્રાંત અધિકારીના જણાવ્યા અનુસાર, જો ધાર્મિક લાગણી દુભાઈ હશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.આ વિવાદ બાદ કીર્તિ પટેલનો વધુ એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે સુરક્ષામાં તૈનાત બે મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સાથે દાદાગીરી કરતી અને અપશબ્દો બોલતી જોવા મળે છે. કાયદાનું સન્માન કરવાને બદલે મહિલા અધિકારીઓ સાથેની તેની આ વર્તણૂકે ભારે રોષ જગાડ્યો છે. આ મામલાને ગંભીરતાથી લઈને જૂનાગઢ એસપીએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે.

## રાજકોટમાં SMCનો મોટો દરોડો : બટાટાની આડમાં છુપાવેલ લાખોનો વિદેશી દારૂ ઝડપાયો

રાજકોટ,તા.૧૬

રાજકોટ શહેરમાં લાંબા સમય બાદ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવતી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ચોક્કસ બાતમીના આધારે SMCની ટીમે ૧૫ ફેબ્રુઆરીની રાત્રે જૂના માર્કેટિંગ યાર્ડ પાસે વોચ ગોઠવી બટાટાના ભરેલા ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. આ દરોડાની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે SMCએ સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને આ ઓપરેશન પાર પાડ્યું હતું. ટ્રકની તપાસ દરમિયાન



બટાટાની ગુણીઓ વચ્ચે છુપાવેલી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૮૨૫૭ બોટલ મળી આવી હતી, જેની કિંમત અંદાજે રૂ.૩૩.૩૭ લાખ જેટલી થાય છે. પોલીસે દારૂ, મોબાઈલ અને ટ્રક સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસે ટ્રક ચાલક અલલીમુદીન તૈલી અને ક્લીનર સૈતાનસિંહ નાઈની સ્થળ પરથી ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું છે કે આ જથ્થો ઉત્તર પ્રદેશના સપ્લાયર મોનુ તૈલી દ્વારા મોકલવામાં આવ્યો હતો. હાલમાં બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે ગુનો નોંધી, ફરાર સપ્લાયરને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં દલિત-આદિવાસી પર વધતા અત્યાચાર મુદ્દે કોંગ્રેસના સરકાર પર પ્રહારો

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આક્ષેપ કર્યો છે કે રાજ્યમાં દલિત અને આદિવાસી સમાજ પર અત્યાચારની ઘટનાઓમાં વધારો થયો છે. પ્રવક્તા હિરેન બેન્કરે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિ પર કુલ ૧૩,૬૨૯ કેસ નોંધાયા છે, એટલે કે દરરોજ સરેરાશ ત્રણથી વધુ દલિતો અત્યાચારનો ભોગ બને છે.



અનુસૂચિત જનજાતિ પર પણ છેલ્લા પાંચ વર્ષમાં ૧,૫૯૦ નવા કેસ નોંધાયા છે અને ૩,૫૫૩ કેસોના ટ્રાયલ બાકી છે. કોંગ્રેસે દાવો કર્યો કે સજાનો દર એક ટકા કરતાં પણ ઓછો છે, જે ચિંતાજનક છે. પક્ષના જણાવ્યા મુજબ અનેક કેસો ડર અને દબાણને કારણે નોંધાતા નથી. અમદાવાદ, બનાસકાંઠા, રાજકોટ, કચ્છ સહિતના જિલ્લાઓમાં પણ આવા બનાવોમાં વધારો નોંધાયો છે. કોંગ્રેસે પેન્ડિંગ કેસોને ફાસ્ટ ટ્રેક કરી પીડિતોને સુરક્ષા અને ઝડપી ન્યાય આપવાની માંગ કરી છે.

## ભાવનગરમાંથી બોલેરો વાનમાં બનાવેલ ચોરખાનામાં વિદેશી દારૂ ઝડપાયો

ભાવનગર,તા.૧૬

ભાવનગર પેરોલ ફ્લો સ્ક્વોડ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ખેતાખાટલી ગામેથી ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. મહિન્દ્રા મેકસેસ બોલેરો પીકઅપમાં બનાવવામાં આવેલા ચોરખાનામાં સંતાડીને લાવવામાં આવેલ ૧૮૦ એમએલની ૧૦૫૬ બોટલો સહિત કુલ રૂ. ૧૧,૩૪,૪૭૨નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે રાજસ્થાનના એક શખ્સને ઝડપી




લીધો છે, જ્યારે અન્ય ત્રણ શખ્સોને ઝડપી પાડવા પોલીસ દ્વારા તજવીજ શરૂ કરવામાં આવી છે. બનાવ અંગે વેળાવદર ભાલ પોલિસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કચ્છના ધ્રગ-લોડાઈ રોડ પર ગમખ્વાર અકસ્માત: બે બાઈક અથડાતા બાળક સહિત ત્રણનાં મોત

ભુજ, તા. ૧૬

ભુજ તાલુકાના ધ્રગ-લોડાઈ રોડ પર કરુણ માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે અને એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. ધ્રગ ગામે યોજાયેલા પરંપરાગત મેળા દરમિયાન માર્ગ પર ભારે અવરજવર હતી. આ દરમિયાન બે મોટરસાયકલ સામસામે અથડાતા જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને બાઈકનો



કચ્ચરઘાણ નીકળી ગયો અને સવાર લોકો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. ઘટનામાં બે બાઈકચાલકો અને એક બાળકનું સ્થળ પર જ અથવા સારવાર દરમિયાન મોત થયું હતું. એક મહિલાને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક લોકો અને અન્ય વાહનચાલકોએ તરત જ મદદ માટે દોડી જઈ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.





